निर्मल मन जन सो मोहि पावा, मोहि कपट छल छिद्र न भावा, परहित बस जिन्ह के मन मांही, तिन्ह कहुं जग दुर्लभ कछु नाही.


**રાજ્યમાં વધુ ૩૭૬ નવા કેસ : અમદાવાદમાં ૨૫૬ : ગાંધીનગરમાં ૦૫**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૮ | ૨૮ મે, ૨૦૨૦, ગુરૂવાર; જેઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# હજુ બે અઠવાડિયાના લોકડાઉનની શક્યતા

## લોકડાઉનના પાંચમાં તબક્કામાં કોરોનાથી પ્રભાવિત દેશના ૧૧ શહેરોને બાદ કરતા સમગ્ર દેશમાં વધુ છુટ અપાય તેવી શકયતા



ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોનાના સંકટના પગલે લોકડાઉનના પાંચમાં તબક્કા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ લોકડાઉન ૫.૦ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝડપથી 'મન કી બાત' કરે તેવી શકયતા છે. લોકડાઉનના પાંચમાં તબક્કામાં કોરોનાથી પ્રભાવિત દેશના ૧૧ શહેરોને બાદ કરતા સમગ્ર દેશમાં વધુ છુટ અપાય તેવી શકયતા છે.

સૂત્રોનું કહેવું છે કે લોકડાઉનના પાંચમાં તબક્કામાં ૧૧ શહેરો મુખ્ય હશે. જેમાં દિલ્હી, મુંબઈ, પુના, થાણે, ઈન્દોર, ચેન્નાઈ, અમદાવાદ, જયપુર, સુરત અને કોલકતા સામેલ છે. આ શહેરોમાં દેશના કુલ કોરોના કેસના ૭૦ ટકાથી વધુ કેસ છે. અમદાવાદ, દિલ્હી, પુના, કોલકતા, મુંબઈમાં તો કુલ કેસના ૬૦ ટકા દર્દીઓની પુષ્ટિ થઈ ચુકી છે.

લોકડાઉનના પાંચમાં તબક્કામાં કેન્દ્ર તરફથી ધાર્મિક સ્થળોને ખોલવાની છુટ અપાય


● અનુસંધાન પાન-૭ પર


# વેક્સીન ન આવે ત્યાં સુધી લોકડાઉન જ એક માત્ર ઉપાય છે : રવિશંકર

## રાહુલ ગાંધીના લોકડાઉન નિષ્ફળના આરોપ પર ભાજપનો પલટવાર : રાહુલ ગાંધી ખોટા અને પાયા વિહોણા આરોપ લગાવે છે : તેઓ દેશની એકતાને ખંડિત કરનારી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે : પ્રસાદ

ન્યુ દિલ્હી,તા.૨૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લગાવેલા લોકડાઉન ફેઈલ જેવા આરોપ અંગે ભાજપ તરફથી કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે બુધવારે પ્રેસ કોન્ફરન્સ કરીને જવાબ આપ્યા છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી ખોટા અને પાયા વિહોણા આરોપો લગાવી રહ્યા છે, લોકડાઉન અંગે તેમને જે નિવેદન આપ્યું છે તે તદ્દન ખોટુ છે. દુનિયાના ૧૫ જેવા દેશમાં ૩ લાખ ૪૩ હજારથી વધુ લોકોના મોત થયા છે જેની સામે ભારતમાં ૪ હજારની આસપાસ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, રાહુલ ગાંધી માત્ર જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે, હાલ કોરોનાની કોઈ વેક્સીન નથી એવામાં લોકડાઉન જ એકમાત્ર ઉપાય છે. રાહુલ ગાંધી દેશની એકતાને ખંડિત કરનારી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. જે એકદમ ખોટું છે. જ્યારથી કોરોનાની મહામારી શરૂ થઈ છે ત્યારથી રાહુલ ગાંધી દેશના સંકલ્પને નબળો પાડવાના પ્રયાસ કરી રહ્યા છે.

રવિશંકર પ્રસાદે વધુમાં કહ્યું કે, ચૂંટણીમાં રાહુલ ગાંધી નીરવ મોદીની વાત કરી રહ્યા હતા, પણ તેમના સાથી લંડનમાં નીરવની મદદ કરી રહ્યા છે. રવિશંકરે કહ્યું કે, ભીલવાડા મોડલનો શ્રેય રાહુલ ગાંધીને આપવામાં આવ્યો, પણ ત્યાંના સરપંચે કહ્યું આ તો ત્યાંના લોકોની મહેનતને કારણે બની શક્યું છે.

# બજારમાં મંદી : સેંસેક્સ ૧૧૯ પોઈન્ટ ઘટીને બંધ

મુંબઈ, તા. ૨૭

મંગળવારે બપોરે ભારતીય શેરબજારનો શરૂઆતનો સુધારો ધોવાઈ ગયો હતો અને સેન્સેક્સ ૧૦૦ પોઈન્ટ્સ ઘટીને ટ્રેડ થઈ રહ્યો હતો. મંગળવારે બપોર બાદ ટેલીકોમ ઉપરાંત આઈટી અને ટેકનો શેરોમાં વેચવાલી વધતાં સેન્સેક્સ રેડ ઝોનમાં આવી ગયો હતો. સવારે ઈન્ટ્રા ડેમાં એક તબક્કે સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ્સ ઉછળ્યો હતો. આજે બપોરે ૨.૨૦ વાગ્યે મ્જીઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૧૯.૪૨ પોઈન્ટ્સ અથવા ૦.૩૯ ટકાના ધોવાણ સાથે ૩૦,૫૫૩.૧૭ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી-૫૦ પણ ૨૮.૦૦ પોઈન્ટ્સ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૯૦૧૧.૨૫ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૮૪ ટકા અને ૦.૧૭ ટકા વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. આજે બપોરે ટેલીકોમ, આઈટી, ટેકનો અને હેલ્થકેર સિવાયના તમામ સેકટોરલ ઈન્ડાઈસિસ ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૭૧૭૭૨૬ | ૩૫૨૯૬૩ | ૨૪૫૬૩૨૦ |
| ભારત | ૧૫૭૪૫૩ | ૪૫૨૨ | ૬૭૧૬૮ |
| ગુજરાત | ૧૫૨૦૫ | ૯૩૮ | ૭૫૪૭ |
| ગાંધીનગર | ૨૩૭ | ૧૩ | ૧૨૯ |

# દેશમાં કોરોનાનો કાળો કહેર

## છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૮૭ નવા કેસ : કોરોનાના કુલ કેસ ૧,૫૧,૭૬૭, ૧૭૦ લોકોના મોત : મૃત્યુઆંક ૪૩૩૭,બીમારીમાંથી ૬૪,૪૨૬ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા : રિકવરી રેટ ૪૨.૪૫ ટકાએ પહોંચ્યો : લોકડાઉન-૪ની મુદત આડે ૪ દિવસ બાકી

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતમાં હાલમાં કોરોના મહામારીનો સામનો કરવા લોકડાઈન -૪નો તબક્કો ચાલી રહ્યો છે. જે ૩૧ મે સુધી છે. એક રીતે જોતા લોકડાઉન-૪ની સમય મર્યાદા પૂરી થવામાં છે છતાં કોરોનાના કેસોમાં કોઇ નોંધપાત્ર ઘટાડો થવાને બદલે છેલ્લાં કેટલાય દિવસોથી રોજેરોજ ૬ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે. અને કેસોની સંખ્યા દોઢલાખ સુધી પહોંચી ગઈ છે. જે જોતાં એવી અટકળો થઈ રહી છે કે સરકાર લોકડાઉન-૫નો નિર્ણય



કરે તો નવાઈ નહીં. કેટલાક રાજ્યોએ લોકડાઉન ચાલુ રાખીને વધારે છૂટછાટો આપવાની માંગ કરી છે તો કેટલાકે લોકડાઉન દૂર કરવાનો મત વ્યકત કર્યો છે. દરમ્યાનમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૬૩૮૭ નવા કેસ સામે આવ્યા, અને ૧૭૦ લોકોના મોત નેંધાયા છે. લોકડાઉન-૪ આખરી હશે કે લોકડાઉન-૫ પણ અમલમાં મૂકાશે કે કેમ તેની અટકળો વચ્ચે પીએમઓ હાલમાં ચીન અને નેપાલ દ્વારા સરહદે ઉભી કરેલી તંગદીલીનો સામનો કરવાની રણનીતિમાં વ્યસ્ત છે. અને એક-બે દિવસમાં જ લોકડાઉન-૫ અંગેનો નિર્ણય લેવાશે. એક અહેવાલ પ્રમાણે, દેશભરમાં ૧,૫૧,૯૭૩ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ૪,૩૪૬ લોકોના મોત થયા છે. સાથે જ ૬૪,૨૭૭ લોકો સારવાર બાદ સાજા થયા છે. બીજી તરફ દેશભરમાં મહારાષ્ટ્ર ૫૪,૭૫૮ સંક્રમિતો સાથે પહેલા ક્રમે છે જ્યાં ૧,૭૯૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. તમિલનાડુ ૧૭,૭૨૮ સંક્રમિતો સાથે બીજા ક્રમે છે જ્યાં ૧૨૮ લોકોના મોત થયા છે. ગુજરાત ૧૪,૮૨૯ દર્દીઓ સાથે ત્રીજા નંબરે છે.

# ભારતની સાથે સરહદ પર સ્થિતિ સંપૂર્ણ રીતે સ્થિર અને નિયંત્રણ હેઠળ : ચીન

બેજિંગ, તા. ૨૭

ચીનથી ફેલાયેલા કોરોના ચેપથી આખું વિશ્વ પરેશાન છે, પરંતુ ડ્રેગન પોતાના ગુનાઓ છુપાવવા માટે એક અલગ રમત રમી રહ્યો છે. ભારત સાથેની સરહદ પર લશ્કરી અથડામણો પછી, ચીને સરહદની નજીક માત્ર મોટી સંખ્યામાં સૈન્ય તૈનાત કર્યા જ નથી, પરંતુ હવે તે પીસકીપર તરીકે તણાવ જાહેર કરી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ભારતની સરહદ પર સ્થિતિ સંપૂર્ણ સ્થિર અને નિયંત્રિત છે. બંને દેશોની પાસે વાતચીત અને ચર્ચા-વિચારણા દ્વારા મુદ્દાઓને ઉકેલવા માટે યોગ્ય પદ્ધતિઓ અને સંદેશાવ્યવહાર ચેનલો પણ છે એલએસી પર ભારતીય અને ચીની સૈન્ય વચ્ચે ચાલી રહેલા અવરોધની પૃષ્ઠભૂમિમાં, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને કહ્યું કે સરહદ સંબંધિત મુદ્દાઓ પર ચીનનું વલણ સ્પષ્ટ અને સુસંગત છે. અમે બંને નેતાઓ વચ્ચેના મહત્વના કરાર અને બંને દેશો વચ્ચેના કરારનું કડક પાલન કરી રહ્યા છીએ. ૨૬ મેના રોજ ચીનનું સંરક્ષણ બજેટ


● અનુસંધાન પાન-૭ પર


# શાળા-કોલેજો ખોલવા અંગે કોઈ નિર્ણય લેવાયો નથી

ન્યુ દિલ્હી,તા.૨૭

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું કે શાળા આને કોલેજો ખોલવા અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી અને દેશભરમાં હાલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા પર પ્રતિબંધ છે.






# અમેરિકા આ સપ્તાહના અંત સુધી ચીન મુદ્દે મોટી જાહેરાત કરશે

વોશિંગ્ટન,તા.૨૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે આ સપ્તાહના અંતમાં ચીનને લઈને મોટી જાહેરાત કરાશે અને એ વાતનો સંકેત આપ્યો છે કે તેઓ ચીનને દંડ કરવા સંબંધિત હોય શકે છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ કહ્યું કે અમે કંઈક કરવા જઈ રહ્યા છીએ અને મને લાગે છે કે એ તમને લોકોને પસંદ પડશે. પરંતુ આ જાહેરાત હું આજે નહીં કરું.

ચીન અને હોંગકોંગ વચ્ચે ચાલી રહેલી વિવાદને લઈને ચીન ઉપર પ્રતિબંધ લગાવવા અંગેના સવાલના જવાબમાં તેમણે કહ્યું કે આ જાહેરાત તમે સપ્તાહના અંત સુધીમાં સાંભળશો અને મને લાગે છે કે આ બહુ મોટો નિર્ણય હશે.

પહેલા વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કાયલે મેકનેનીએ ગુરુવારે કહ્યું હતું કે હોંગકોંગ પ્રત્યે ચીનની કાર્યવાહીથી રાષ્ટ્રપતિ નારાજ છે. ઉલ્લેખનિય છે કે ચીનની નેશનલ પ્યુપીલ્સ કોંગ્રેસના વાર્ષિક સત્રમાં શુક્રવારે સત્તામાં રહેલી કમ્યુનિસ્ટ પાર્ટીએ હોંગકોંગમાં કથિત અલગાવવાદી અને આતંકવાદી ગતિવિધિઓ ઉપરાંત વિદેશી હસ્તક્ષેપ ઉપર પ્રતિબંધ લગાવવા માટે એક નવા રાષ્ટ્રીય સુરક્ષા કાયદાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ જાહેરાત પછી આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ભારે ટીક્કા થઈ રહી છે.


કોટિ કોટિ પ્રણામ

પ્રાતઃ સ્મરણિય પૂજ્ય

ચુંદડીવાળા માતાજી



પરામ્બા શક્તિ મા-ભગવતી અંબા
આપના પવિત્ર આત્માને
તેમના પરમ અલૌકિક દિવ્ય ધામ મણીદ્વીપમાં
વાસ કરાવે એવી પ્રાર્થના...
સહ જય અંબે પરિવારના
નત મસ્તકે કોટિ કોટિ પ્રણામ

લલિત પટેલ
પ્રમુખ

વિષ્ણુભાઈ પટેલ
મહામંત્રી

જય અંબે પરિવાર ટ્રસ્ટ - ગાંધીનગર
સેક્ટર-૧૩/બી, ગાંધીનગર
તથા સમગ્ર પરિવાર